Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૦૫ • તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૭ થી ૦૫ ફેબ્રુઆરી ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

KDO

અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

આયોજીત

## ત્રીજું પરિચય મિલન - ૨૦૧૭

### પરિચય થી પરિણય સુધી .....



પરિચય મિલન : મુખ્ય સહયોગ

**શ્રી સાઈ ગ્લોબ ઈમ્પેક્સ**

મુલુંડ (વેસ્ટ).

કાર્યક્રમની વિશેષતા :

- એકજ સ્થળે ભારતભરથી સમગ્ર જ્ઞાતિના, પરિચય મિલનમાં યોગ્ય પાત્ર પસંદગી માટે જોડાશે.
- પરિચય મિલનનું સર્જન આજના આધુનિક જમાનાના નવ યુવાનોની વિચાર શ્રેણીને ધ્યાનમાં રાખીને કરેલુ છે.
- પરિવારની અપેક્ષા ... જ્ઞાતિની કન્યા/વરની પસંદગી માટેનું સ્વપ્નું. આવો અને જોડાવો, તમારા પાત્ર પસંદગીના સ્વપ્નોને સહાકાર કરો
- આપને સ્ટેજ પર પોતાની ઓળખાણ આપવી નહીં પડે.
- બસની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**પ્રમુખશ્રી કલ્પેશભાઇ માણેકજી મોતા**

**For Enquiry Contact :**

| | | | |
|---|---|---|---|
| Mahajan Office | 022-23448274 | Jalpa Lodaya (Vashi)- | 9867615913 |
| Ratilal Khona (Matunga)- | 9833119477 | Jasmin Sayla (Dombivli) - | 8452821425 |
| Kalpesh Lodaya (Ghatkopar) - | 9833962299 | Jasmin Dhulla (Thane) - | 9619074996 |
| Manisha Lalka (Mulund) - | 9820545734 | Chetan Khona (Goregaon) - | 9324461894 |

**E-mail** : anantnathderasar@gmail.com • konarkinterior@gmail.com • jalpalodaya@yahoo.com

**રવિવાર તા. ૨૬-૨-૨૦૧૭ સવારના ૯ થી સાંજે ૮**

**રૂદ્ર સેંટર ઈન્ટરનેશનલ** તુંગારેશ્વર ફાટા, નેશનલ હાયવે ૮, સાતિવલી, વસઈ (પૂર્વ).

ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫-૨-૨૦૧૭ સુધી મહાજન ઑફીસના સરનામે મોકલી આપવા વિનંતી જેથી યથા યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

# કે.ડી.ઓ. ક્લાસિક દ્વારા સંસ્થાને ૨૦ વર્ષ પૂર્ણ થયાની શાનદાર અને યાદગાર ઉજવણી



પ્રમુખશ્રી ઍડ. શ્રીમતી મિનલ ખોનાનું સંબોધન



પરિવારસહ ઉપસ્થિત સભ્યો અને આમંત્રિત મહેમાનો



ભૂતપૂર્વ પ્રમુખ શ્રી મણિકાંત ધુલ્લાનું સંબોધન



સંચાલન કરી રહેલા જૉઈન્ટ સેક્રેટરી શ્રીમતી ચંદ્રિકા ચેતન લોડાયા



પાયાના પથ્થર સમ શ્રી શાંતિલાલ મુલજી શિયાડનું સન્માન



પાયાના પથ્થર સમ શ્રી મણિકાંત હિરજી ધુલ્લાનું સન્માન



કે.ડી.ઓ. ક્લાસિકની કારોબારી સમિતિ



આઈ સ્પેશાલિસ્ટ ડૉ. પ્રશાંત દેવસ્થલીનું સન્માન





સભ્યોએ બે દાયકા પૂર્ણ થવાની ખુશાલી નૃત્યરૂપે વ્યક્ત કરી



કે.ડી.ઓ. ક્લાસિકની યુવા ટીમ દ્વારા સામાજિક સંદેશ આપતી નાટિકાનું મંચન



કચ્છના પરિવેશમાં પારંપારિક કચ્છી નૃત્ય

## કે.ડી.ઓ. ક્લાસિકે દેવસ્થલિ પરિવાર ભાવ સાથે સામાજીક અને મૈત્રી વધારનારી પ્રવૃત્તિ કરતા સાર્થક બે દાયકા પૂર્ણ થવાની શાનદાર અને યાદગાર ઉજવણી કરી.

સાર્થક સેવા પ્રવૃતિ અને મૈત્રી વધારનારા કાર્યક્રમોથી અલગ ચીલો પાડનારી જ્ઞાતિ સંસ્થા કે.ડી.ઓ. ક્લાસિકે એ શનિવાર, તા. ૧૪/૧/૨૦૧૬ના માટુંગાના મૈસુર ઓડિટોરિયમ ખાતે યોજાયેલ શાનદાર કાર્યક્રમમાં બે દાયકા પૂર્ણ કરવાની યાદગાર ઉજવણી કરી.

૨૦ વર્ષ પહેલાં ૧૦૮ ક્લાસિક (કેળવાયેલી રૂચિવાળા સુસંસ્કારી) કે.ડી.ઓ. શ્રી શાંતિલાલ મુલજી શિયાડ (શાહ) અને શ્રી મણિકાંત હિરજી ધુલ્લાના નેતૃત્વમાં સાર્થક સામાજિક પ્રવૃત્તિ કરવા સાથે પરસ્પર મૈત્રી ભાવ કેળવવા એક છત્ર હેઠળ આવ્યા હતા.

ગત ૨૦ વર્ષમાં કે.ડી.ઓ. ક્લાસિકે કચ્છ અને મુંબઈમાં વસતા કે.ડી.ઓ. સમુદાયના લાભ અને કલ્યાણ માટે કરેલી પ્રવૃત્તિઓમાં નિયમિત આંખની તપાસ અને ઓપરેશનો, દાંતના ઓપરેશનો નાક-કાન-ગળાની તપાસ (ઈએનટી ચેકઅપ) વગેરેનો સમાવેશ થાય છે. સંસ્થાની પહેલથી કચ્છના યુવાનો પ્રથમ વળી મુંબઈ જોવા પામ્યા તથા કચ્છમાં રહેતા વૃદ્ધોએ પાલિતાણા અને બીજી તાર્થયાત્રાઓ કરી. ભાંડુપ અને ડોંબિવલીમાં નેત્ર શિબિરો યોજાઈ. હવે આપણા સમાજના લોકો માટે મુંબઈમાં તેમજ કચ્છની બીદડા હોસ્પિટલ ખાતે મોતીયાના ઓપરેશનનોની સુવિધા રાખવામાં આવી છે. દર વર્ષે ૫ વિદ્યાર્થીઓને કચ્છમાંની વિખ્યાત વિરાયતન શૈક્ષણિક સંસ્થા ખાતે વિના મૂલ્યે શિક્ષણ અપાય છે.

આવકાર વિધિ સેક્રેટરી કપીલ લોડાયાએ કરી હતી. નવકારમંત્ર અને ગણપતિ વંદના નૃત્ય રૂપે કરવામાં આવી હતી.

કાર્યક્રમનું હાસ્ય સભર સંચાલન કચ્છના જાણીતા હાસ્ય કલાકાર રસિક મહારજ (ફુડાડી માસી)એ કર્યું હતું.

મ્યુઝિકલ હાઉસી રમાડવામાં આવી. મોનિકા ફુરીયાની કોરીઓગ્રાફીમાં પ્રસ્તુત થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૫૬ સભ્યો અને તેમના પરિવારના યુવાનો સહભાગી થયા હતા. કે.ડી.ઓ. ક્લાસિકના યુવા સભ્યોએ સામાજીક સંદેશ સભર નાટિકા રજૂ કરી હતી.

જોઈંટ સેક્રેટરી ચંદ્રિકા લોડાયાના સંચાલનમાં થયેલ બે દાયકાની સાર્થક ઉજવણીના કાર્યક્રમમાં પ્રેસીડન્ટ શ્રીમતી મીનલ ભરત ખોનાએ પોતાના પ્રવચનમાં ભવ્ય ભૂતકાળ અને વર્તમાન સાથે ઉજ્જવળ ભાવિ માટે આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ભૂતપૂર્વ પ્રેસીડન્ટ શ્રી હિરાચંદ દંડ અને શ્રી રાજેશ શાહે સ્થાપક પ્રેસીડન્ટ શ્રી શાંતિલાલ શિયાડનું સન્માન કર્યું હતું.

શ્રી જયંત લાપસીયા અને પ્રેસીડંટ મીનલ ખોનાએ સ્થાપક અને ભૂતપૂર્વ પ્રેસીડન્ટ શ્રી મણિકાંત ધુલ્લાનું સન્માન કર્યું હતું.

સહકાર આપનારા ડોક્ટરાનું પણ સન્માન કરાયું હતું.

મીનલ ખોના અને સમિતિના સભ્યોએ વર્ષ ૨૦૧૭ના રોસ્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું.

કે.ડી.ઓ. ક્લાસિકના સંઘ ગાન (એન્થમ) નું લોકાર્પણ કરી તે વગાડવામાં આવ્યું હતું.

આયોજનને સફળ બનાવવા બધા કારોબારી સભ્યોએ જહેમત લીધી હતી અને બધા સભ્યોએ સહકાર આપ્યા હતો.


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 05/2017

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# મહાજનમાં પ્રજાકસત્તાકનો ખ્યાલ અને સમાજજીવનની આવશ્યકતાઓ

દર વર્ષની ૨૬મી જાન્યુઆરીને જેમ વર્ષ ૨૦૧૭ની ૨૬મી જાન્યુઆરીએ સાથે પ્રજાસત્તાક દિન મનાવ્યો. ઇ.સ. ૧૯૫૦ સુધીમાં થોડા અપવાદો સિવાય પ્રજાસત્તાકનો ખ્યાલ રાષ્ટ્ર સ્તરે જેમ સર્વ માન્ય બન્યો છે તેમ પ્રથમ બધા શિક્ષિત અને સંસ્કારી સમુદાયોમાં તથા ૧૯૮૦થી બધાજ સમુદાયોમાં સમાજજીવનનું સંચાલન કરનારા ચૂંટાયેલા હોવા જોઈએ એવો ખ્યાલ સ્વીકૃતિ પામ્યો છે.

આ ખ્યાલ સારો છે એટલે જ તો ખપ પંચાયત જેવા થોડા અપવાદો સિવાય તે વત્તે ઓછે અંશે સર્વત્ર આવકાર પામ્યો છે. પણ વાત અહીં પૂરી થતી નથી બલકે શરૂ થાય છે.

મુખ્ય વાત એ છે કે પ્રજાસત્તાકનો ખ્યાલ રાષ્ટ્રીય સ્તરે લાગુ કરવામાં ઘણી મુશ્કેલી અને અધુરાશ દેખાય છે તેમ સમુદાય સ્તરે પણ છે. રાષ્ટ્રીય સ્તરે આ અધુરાશ પુરવા મર્યાદિત રાજાશાહી, રાષ્ટ્રપતિનું પદ, રાજ્યસભા, પ્રમુખ સુપાત્ર લોકો દ્વારા શાસન ચલાવે પણ તેની પર લોકસભાનો આડકતરો અંકુશ હોય તેવા ઘણા પ્રયોગો વિશ્વસ્તરે જોવા મળે છે.

અલબત્ત જ્ઞાતિ સ્તરે આવા ચેક એન્ડ બેલેન્સ (દેખરેખ રહેતી હોય અને સંતુલન સધાતું હોય) તેવા પ્રયોગો ખાસ વિચારાયા નથી.

કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ નવા નવા પ્રગતિશીલ વિચારો અપનાવવામાં સદાય આગળ રહી છે. અહીં છેક ઇ.સ. ૧૮૮૫માં એવી માંગ થયેલી કે સમાજનું સુકાન સંભાળનારા સમાજના લોકોની સહિયારી સભા (મહાજન)ને જવાબદાર હોય અને ઇ.સ. ૧૮૯૫માં મુંબઈ કે જ્યાં જ્ઞાતિજનોની સૌથી વધુ વસતિ હોય ત્યાં આ માંગનો સ્વીકાર પણ થયો.

આજ કારણસર કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને કમ સે કમ કચ્છ સ્તરે પ્રગતિશીલ જ્ઞાતિએમાંથી એક હોવાનું ગૌરવ મળ્યું છે. આ વાત કદાચ ગુજરાત અને ભારત સ્તરે પણ લાગુ પડતી હોય એ શક્ય છે.

જેમ કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિને પ્રજાસત્તાકના પ્રગતિશીલ વિચારના થોડા વગદારો આખાય સમુદાયના સમાજજીવન પર કબજો ન જમાવી શકે તેવા ઘણા લાભ મળ્યા તેમ ઘણી વખત સમાજજીવન અરાજકતા તરફ જતું હોય તેવા પ્રજાસત્તાકના વિચારના ગેરલાભ પણ અનુભવવા પડ્યા.

આ બાબત દાખલા આપવા કે લાંબી વિચારણા કરવાને બદલે જેમ રાષ્ટ્રીય સ્તરે વિવિધ રીતની ચેક એન્ડ બેલેન્સ (દેખરેખ રખાતી હોય અને સંતુલન સધાતું હોય) તેવી વ્યવસ્થા છે તેવી જ્ઞાતિ સ્તરીય વ્યવસ્થા અંગે વિચારણા થવી જોઈએ. જ્ઞાતિના સમજદારોએ આપસી સંવાદથી એ માટેના ખ્યાલને પ્રથમ શાબ્દિક અને પછી સંસ્થાકીય આકાર આપવો જોઇએ.

આ પ્રક્રિયા કરતી વખતે નીચે જણાવેલ આટલી બાબતેનું ધ્યાન રખાય તો જરૂરથી માત્ર ઔપચારિક નહીં સમૃધ્ધ પ્રજાસત્તાકના વિચારથી જ્ઞાતિના સમાજજીવનને સમૃધ્ધ કરી શકાય.
૧) દાતા અને વકીલ - ડૉક્ટર - પ્રોફેસર જેવા પ્રોફેશનલોનો પોતાના મોભાનો ખાસ ખ્યાલ રાખનારો વર્ગ ચૂંટણી લડવા સંબંધી સાચી -ખોટી રીતોમાં સંડોવાવા નહીં ચાહે તેથી તેમની વિશેષતાનો સમુદાયને લાભ વળી શકે તે માટે એમને માટે કુલ બેઠકોની ૩૦% બેઠકો અનામત રાખવી જોઈએ. ૨) સામાન્ય ચૂંટણીમાં ૧૮થી ૩૦ વર્ષના યુવક-યુવતિઓ તથા ૩૦થી વધુ વર્ષની ઉમરની સ્ત્રીઓને બહુ ઓછું પ્રતિનિધિત્વ મળતું હોય છે તેથી યુવક-યુવતિ-મહિલા એવા ત્રણ પ્રકારો (કેટેગરી) માટે વિસ્તાર પ્રમાણે ૩૦% બેઠકો અનામત રાખવી પણ તે ભરવા ચૂંટણી યોજવી. ૩) ૪૦% બેઠકો વિસ્તાર પ્રમાણે જનરલ રાખવી જેની ચૂંટણી થાય

સમુદાય સ્તરે આવો વિચાર કોઈને શેખચલ્લી જેવો લાગશે પણ ઉજ્જવળ ભવિષ્યને સુનિશ્ચિત કરવા આવા કોઈ વિચારથી જ સંવાદનો પ્રારંભ કરવો પડશે.

**- ચંદ્રસેન મોમાયા**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

### વરસીતપ તપસ્વીઓની - તપશ્ચર્યા અનુમોદનાર્થે

તપસ્વી રત્ન, સંઘ શિરછત્ર, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સ્વર્ણિમ પચાસમાં વરસીતપ નિમિત્તે તપશ્ચર્યામાં જોડાયેલા સમગ્ર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના તપસ્વીઓ માટે વૈશાખ સુદ ૪ **તા. ૨૯-૪-૨૦૧૭ શનિવારના સવારે ૮.૦૦ કલાકે** નવકારશીસહ સન્માન કાર્યક્રમ **શેઠશ્રી નરશીનાથા સભાગૃહ,** અનંત સિધ્ધિ, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮ મધ્યે આયોજેલ છે.

**સર્વે તપસ્વીઓને પધારવા ભાવભર્યું નિમંત્રણ.**

**તા.ક.: સર્વે તપસ્વીઓને વિનંતી કે જેમણે અત્યાર સુધી વરસીતપ તપશ્ચર્યા માહિતી ફોર્મ નથી ભર્યા તેમણે તા. ૨૫-૨-૨૦૧૭ સુધી મુંબઈ મહાજનશ્રીની ઓફિસમાં ભરી દેવા. બહારગામથી પધારનાર તપસ્વીઓને વિનંતી કે આપની રીટર્ન ટીકીટ પ્રોગ્રામ પ્રમાણે કરાવજો.**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ -૪૦૦ ૦૦૯. • ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪
ઈમેલ : anantnathderasar@gmail.com

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન દ્વારા થનારા અગામી પ્રસંગોની ઝલક

કાર્યક્રમ રૂપરેખા

| તારીખ | વાર | તિથિ | વિગત / સ્થળ |
|---|---|---|---|
| ૫/૨/૨૦૧૭ | રવિવાર | મહાસુદ ૯ | **૭૭મો સમુહ લગ્ન,** અનંતસિધ્ધિ, ભાંડુપ. |
| ૨૬/૨/૨૦૧૭ | રવિવાર | ફાગણ સુદ ૧ | **પરિચય મિલન,** રૂદ્ર સેલ્ટર ઈન્ટરનેશનલ રિસોર્ટ, વસઈ |
| ૨/૪/૨૦૧૭ | રવિવાર | ચૈત્ર સુદ ૭ | **શાશ્વતી આયંબિલ ઓળી** પ્રારંભ (મસ્જિદબંદર, ભાંડુપ, ઘાટકોપર) |
| ૧૫/૪/૨૦૧૭ થી ૨૨/૪/૨૦૧૭ | શનિવાર – શનિવાર | ચૈત્ર વદ ૫ થી ૧૨ | ઘાટકોપર - અનંતછાયા **નૂતન ત્રિશિખરીય જિનાલય પુનઃપ્રતિષ્ઠા** સહ **દીક્ષા અષ્ટાન્હિકા મહોત્સવ** |
| ૨૯/૪/૨૦૧૭ | શનિવાર | વૈશાખ સદ ૪ | **વરસીતપ તપસ્વીઓનો સન્માન સમારંભ** - ભાંડુપ |
| ૩-૫/૬/૨૦૧૭ | શનિ થી સોમ | જેઠ સુદ ૯-૧૧ | **ત્રિહાન્હિકા ધ્વજા મહોત્સવ,** અનંત સિધ્ધિ ભાંડુપ, આદિનાથ જિનાલય |
| ૩૦/૭/૨૦૧૭ થી ૧/૮/૨૦૧૭ | રવિવાર – મંગળવાર | શ્રાવણ સુદ ૭-૯ | શ્રી અનંતનાથ દાદા - મસ્જિદ બંદરની **૧૮૪મી ધ્વજા મહોત્સવ** નિમિત્તે **ત્રિહાન્હિકા મહોત્સવ**નું આયોજન |
| ૧/૮/૨૦૧૭ | મંગળવાર | શ્રાવણ સુદ ૯ | પર્યુષણ દરમ્યાન પોથી ઘરે પધરાવવા માટેની **ઉછામણીની ખાસ સભા** મુંબઈ - મસ્જિદ બંદર |
| ૧૯/૮/૨૦૧૭ થી ૨૬/૮/૨૦૧૭ | શનિવાર – શનિવાર | શ્રાવણ વદ ૧૩ – ભાદરવા સુદ ૫ | **પર્યુષણ પર્વ આરાધના** (મસ્જિદબંદર, ભાંડુપ, ઘાટકોપર) |
| ૨૩/૮/૨૦૧૭ | બુધવાર | ભાદરવા સુદ ૨ | **મહાવીર સ્વામિ જન્મ વાંચન** - ૧૪ સ્વપ્ન મહોત્સવ |
| ૨૬/૮/૨૦૧૭ | શનિવાર | ભાદરવા સુદ ૫ | **બારસા સૂત્ર વાંચન** - સાંવત્સરિક પ્રતિક્રમણ |
| ૫/૯/૨૦૧૭ | મંગળવાર | ભાદરવા સુદ ૧૫ | તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ની ૮૬મી જન્મતિથિ નિમિત્તે **સાંવત્સરિક ગુરૂવંદન** |
| ૧૦/૯/૨૦૧૭ | રવિવાર | ભાદરવા વદ ૫ | **સમૂહ ક્ષમાપના - સાંજી,** મુંબઈ |
| ૨૭/૯/૨૦૧૭ | બુધવાર | આસો સુદ ૭ | **નવપદની આયંબિલ ઓળી પ્રારંભ** (મસ્જિદ બંદર, ભાંડુપ, ઘાટકોપર) |

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
# શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

## ઘર-ઘરમાં ને ઘટ-ઘટમાં આનંદ છવાયો, શ્રી અનંતનાથ દાદાનો સર્વત્ર મહિમા ગવાયો
## પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નો પ્રભાવ વર્તાયો, તેથી જ ચડાવાનો કાર્યક્રમ થયો સવાયો

**સૌના લાડીલા - સૌના તારણહારા દાદા અનંતનાથ.....**

**ભલે પ્રતિભા છે નાજુક ને નાની મજાની, છતાં મોટા મોટા કાર્ય કરે છાની માની.**

આવો જ એક Latest પરચો તા. ૨૨/૧/૨૦૧૭ રવિવારના રોજ સમસ્ત જ્ઞાતિજનોએ ઘાટકોપર મધ્યે નિહાળ્યો. બહુ ટુંકા સમયમાં નક્કી થયેલ પ્રભુ પ્રતિષ્ઠા આદિના ચડાવા માટેનો કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયેલ. **અચલગચ્છાધિપતિ સુવર્ણ વર્ષીતપના તપસ્વી પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા, પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩**ની શુભનિશ્રામાં આ ચડાવાઓ જ્ઞાતિજનોએ ખૂબ ઉલ્લાસભેર લીધા. ખરેખર દાદાના પ્રભાવનો આસ્વાદ માણવા મળ્યો. નવકાર મહામંત્રના આરાધક **શ્રીયુત નરેન્દ્રભાઈ નંદુ તથા બંધુ ત્રિપુટી કયવન્ન, જય, મેઘ નંદુ** ના સંચાલને પ્રભુમય બનાવી દીધા ને સૌ મન મૂકીને ચડાવાની બોલી બોલવા માટે જાણે અષાઢના મેઘ જેમ વરસી ગયા. સૌ દાનવીર દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર સહ અભિનંદન. પ્રભુ પ્રતિષ્ઠા તથા દીક્ષાનો મહોત્સવ પાંચ દિવસ માંથી આઠ દિવસનો કરવાની જાહેરાત પણ મહાજન પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા દ્વારા કરાઈ. જેને સમગ્ર જ્ઞાતિએ સહર્ષ આવકારી લીધી. આજ જિનશાસનની જયપતાકાનું સૂચન કરે છે. વિવિધ ચડાવાઓ લેનાર ભાગ્યશાળીઓની નામાવલી નીચે મુજબ છે.

| ક્ર. | વિગત | લાભાર્થી પરિવારનું નામ | ગામ | રહેઠાણ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી અનંતનાથ દાદા પુનઃ પ્રતિષ્ઠા | માતુશ્રી પદ્માબેન અશોક ભેદા<br>હ. નયન અશોક ભેદા | વારાપધર | મુલુંડ |
| ૨. | શ્રી ચંદ્રપ્રભસ્વામિ પુનઃ પ્રતિષ્ઠા | માતુશ્રી વાસંતીબેન નવિનચંદ્ર નરશી ખોના<br>હ. લિતેશ ખોના | નલીયા | ઘાટકોપર |
| ૩. | શ્રી શાંતિનાથ દાદા પુનઃ પ્રતિષ્ઠા | માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી | કોઠારા | ઘાટકોપર |
| ૪. | શ્રી આદિનાથ દાદા ભરાવનાર | માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા<br>હ. સમીર નાગડા | નલીયા | ઘાટકોપર |
| ૫. | શ્રી આદિનાથ દાદા પ્રતિષ્ઠા | માતુશ્રી દમયંતીબેન ચાંપશી લોડાયા | સાંધવ | ઘાટકોપર |
| ૬. | શ્રી મુનિસુવ્રત સ્વામિ ભરાવનાર | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૭. | શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રતિષ્ઠા | શ્રીમતી જશ્મિન અતુલ ચાંપશી લોડાયા<br>હ. લોખંડવાલા પરિવાર | સાંધવ | ઘાટકોપર |
| ૮. | શ્રી ગૌતમ સ્વામિ ભરાવનાર | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૯. | શ્રી ગૌતમ સ્વામિ પ્રતિષ્ઠા | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૧૦. | શ્રી પદ્માવતી દેવી ભરાવનાર | માતુશ્રી તારામતી લહેરચંદ નાગડા | નલીયા | ઘાટકોપર |
| ૧૧. | શ્રી પદ્માવતી દેવી પ્રતિષ્ઠા | માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા<br>હ. જયશ્રીબેન કાંતિલાલ દંડ | સાંધવ | ઘાટકોપર |
| ૧૨. | શ્રી મહાકાલી દેવી ભરાવનાર | માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૧૩. | શ્રી મહાકાલી દેવી પ્રતિષ્ઠા | માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી | નાની સિંધોડી | ઘાટકોપર |

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

| ક્ર. | વિગત | લાભાર્થી પરિવારનું નામ | ગામ | રહેઠાણ |
|---|---|---|---|---|
| ૧૪. | શ્રી ચક્રેશ્વરી દેવી ભરાવનાર | માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર | મોટી ખાવડી | ઘાટકોપર |
| ૧૫. | શ્રી ચક્રેશ્વરી દેવી પ્રતિષ્ઠા | શ્રી ખેતશી પદમશી મોતા | નલીયા | ઘાટકોપર |
| ૧૬. | શ્રી પાતાલ યક્ષ પ્રતિષ્ઠા | શ્રીમતી લતાબેન મણિલાલ શિયાડ | દલતુંગી | ઘાટકોપર |
| ૧૭. | શ્રી અંકુશા દેવી પ્રતિષ્ઠા | શ્રી શામજી નરશી દંડ | સાંધવ | મુલુંડ |
| ૧૮. | શ્રી કુંભ સ્થાપના | માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી | કોઠારા | ઘાટકોપર |
| ૧૯. | શ્રી દિપક સ્થાપના | શ્રીમતી પ્રિતી હિરેન લાપસીયા<br>હ. આદિતિ તથા આયુષી હિરેન લાપસીયા | રંગપુર | મસ્જિદબંદર |
| ૨૦. | શ્રી જ્વારા રોપણ | શ્રી નરેશ શામજી ખોના | સુથરી | મસ્જિદબંદર |
| ૨૧. | શ્રી નવગ્રહ પાટલા પૂજન | શ્રીમતી કાશ્મિરાબેન રજનીકાંત નાગડા | તેરા | ઘાટકોપર |
| ૨૨. | શ્રી દશદિક્પાલ પાટલા પૂજન | માતુશ્રી કસ્તુરીબાઈ રામજી ખોના | નલીયા | ઘાટકોપર |
| ૨૩. | શ્રી અષ્ટમંગલ પાટલા પૂજન | શ્રી નરેશ શામજી ખોના | સુથરી | મસ્જિદબંદર |
| ૨૪. | શ્રી લઘુનંદાવૃત પૂજન | શ્રી માણેકજી નેણશી દંડ | બાયઠ | ઘાટકોપર |
| ૨૫. | શ્રી ભગવતી મંડલ પૂજન | જી.વી.સી. જૈન સંઘ | ઘાટકોપર | ઘાટકોપર |
| ૨૬. | શ્રી તોરણબંધન પૂજન | શ્રી ખેતશી પદમશી મોતા | નલીયા | ઘાટકોપર |
| ૨૭. | શ્રી માણેક સ્થંભ રોપણ | માતુશ્રી કાશ્મિરાબેન અનિલ શિયાડ<br>હ. ભૂમિબેન અનિલ શિયાડ –<br>વરસી તપ નિમિત્તે | જખૌ | ઘાટકોપર |
| ૨૮. | ચડાવા મહોત્સવના મહેતાજી | આણંદ પરિવાર – CA. દેવાંગ દંડ<br>હ. કુમાર બાબુભાઈ દંડ | તેરા | ભાંડુપ |
| ૨૯. | ચડાવા લેનાર પરિવારનું તિલકથી બહુમાન કરનાર | માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા<br>હ. સમીર નાગડા | નલીયા | ઘાટકોપર |
| ૩૦. | મહોત્સવ દરમ્યાન આંગી | મહોત્સવ દરમ્યાન આંગી | | |
| | તા. ૧૫-૪-૨૦૧૭ | - | - | - |
| | તા. ૧૬-૪-૨૦૧૭ | - | - | - |
| | તા. ૧૭-૪-૨૦૧૭ | - | - | - |
| | તા. ૧૮-૪-૨૦૧૭ | હિનાબેન રાજેન લોડાયા | સાંયરા | ઘાટકોપર |
| | તા. ૧૯-૪-૨૦૧૭ | - | - | - |
| | તા. ૨૦-૪-૨૦૧૭ | - | - | - |
| | તા. ૨૧-૪-૨૦૧૭ | સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર | કોઠારા | મુલુંડ |
| | તા. ૨૨-૪-૨૦૧૭ | શ્રી દેવરાજ મુલજી પટેલ | સાંયરા | સાંયરા |

**તા.ક. આંગીના દાતા આવકાર્ય છે.**

## આરોગ્ય પ્રકાશ : થાયરોઈડ – ૧

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આજકાલ થાયરોઈડની બિમારી પહેલાં કરતાં વધુ થાય છે. આ થાયરોઈડ ગ્રંથી ગળાના નીચેના ભાગમાં હોય છે. આ ગ્રંથીમાંથી નીકળેલા હોર્મોન્સ લોહી દ્વારા આખા શરીરમાં ફરે છે અને હૃદય, મગજ, સ્નાયુ, ત્વચા, વાળથી લઈને શરીરના દરેક ભાગ પર અસર કરે છે. શરીરના કોષ ખોરાકમાંની શક્તિ વાપરે (મેટાબોલીઝમ) આ ક્રિયાને થારોઈડ હોર્મોન્સ કન્ટ્રોલ કરે છે. મેટાબોલીઝમ શરીરના તાપમાન, હૃદયની ધડકન અને શારીરિક ક્રિયા દરમ્યાન કેલેરી બળે તેના પર પણ અસર કરે છે. આ હોર્મોન્સ ઓછું હોય તો આપણું શરીર ઓછી શક્તિ ઉત્પન્ન કરે છે. મેટાબોલીઝીમ ધીમું કરે છે. થાયરોઈડની બિમારીનું કારણ સ્ટ્રેસફૂલ લાઈફસ્ટાઈલ-તાણ કરી જીવનશૈલી) છે. સ્ત્રીઓમાં આ બિમારીનું પ્રમાણ વધુ દેખાય છે. આપણે હાઈપોથાયરોઈડ વિશે જોઈએ.

**કારણો :** આ બિમારીનું સામાન્ય કારણ છે 'હાસીમોટોસ થાયરોડાઈટીઝ' નામની બિમારી. આ ઓટોઈમ્યુન બિમારી છે. જેમાં થાયરોઈડ ગ્રંથીમાં સોજા આવે છે. આ બિમારીમાં શરીર એન્ટીબોડીઝ ઉત્પન્ન કરે છે જે થાયરોઈડ ગ્રંથી પર આક્રમણ કરી એને નુકશાન કરે છે, ગ્રંથીને ખતમ કરે છે. વાયરલ ઈન્ફેક્શનને લીધે પણ થાયરોડાઈટીઝ થઈ શકે.

**અન્ય કારણે : ૧) ગળાના ભાગમાં રેડીએશનથી ઈલાજ :** લીમ્ફોમા જેવા કેન્સરમાં ગળાપર રેડીએશન આપવામાં આવે છે. જેથી થાયરોઈડના કોષોને નુકશાન થાય છે. આને લીધે હોર્મોન્સ ઉત્પન્ન થવામાં તકલીફ થાય છે. **૨) રેડિયો એક્ટિવ આયોડીનની ટ્રિટમેન્ટ :** જે લોકોને ઓવર એક્ટિવ થાયરોઈડ (હાયપર થાયરોઈડીઝમ) હોય એમને આ ટ્રીટમેન્ટ આપવી પડે છે. આ ટ્રીટમેન્ટને લીધે થાયરોઈડના કોષોને નુકશાન થઈ શકે જેને લીધે (હાયપો થાયરોઈડીઝમ) થઈ શકે. **૩) અમુક દવાઓ :** હૃદયરોગ માનસિક રોગ અને કેન્સર માટે વપરાતી દવાઓ ક્યારેક હોર્મોન્સ પર અસર કરે છે. કોર્ડારોન લીથીયમ, ઈન્ટરફેરીન અલ્ફા અને ઈન્ટર લ્યુકી-૨ નામની દવાઓ આવી અસર કરી શકે. **૪) થાયરોઈડનું ઓપરેશન :** ક્યારેક થાયરોઈડ ગ્રંથીને ઓપરેશન કરી કાઢી નાખવી પડે ત્યારે હાઈપો થાયરોઈડીઝમ થાય. ક્યારેક થોડો ભાગ જ કાઢવો પડે તો થાયરોઈડ હોર્મોન્સ પુરતા પ્રમાણમાં ઉત્પન્ન ન થાય અને હાઈપો થાયરોઈડીઝમ થાય. **૫) ખોરાકમાં આયોડીનની કમી :** થાયરોઈડને આયોડીન જોઈએ. શરીર આયોડીન બનાવતું નથી. તે તો ખોરાકમાંથી જ મેળવવું પડે. આયોડાઈઝડ મીઠું લેવાથી આયોડીન પુરતા પ્રમાણમાં મળી રહે. ડેઅરી પ્રોડક્ટ, હરિયાઈ વનસ્પતિ અને નોનવેજમાંથી પણ આયોડીન મળે.

**લક્ષણો :** શરૂમાં થાયરોઈડ બિમારીનો ખ્યાલ નથી આવતો. લક્ષણો ધીર ધીરે દેખાય છે. રોજીંદી બાબતોમાં રસ ઓછો થાય, પહેલાં કરતાં જલ્દી રોજીંદા કામમાં થાક લાગે આવા લક્ષણો જે વધતી ઊંમર કે તાણને લીધે છે એમ શરૂમાં લાગે. ઠંડી લાગે, વધુ ન ખાવા છતાં વજન વધી જાય, મોઢાપર ચરબી વધે, મૂડ અને વિચારવા ઉપર પણ અસર થાય, નિરાશા આવે,

### પ્રથમ પુણ્યતિથીએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



જન્મ : તા. ૯-૭-૧૯૨૫

સ્વર્ગવાસ : તા. ૨-૨-૨૦૧૬

**સ્વ. શ્રી સોમચંદ હંસરાજ ખોના**

બારોઈ – ગદગ

**આપના પૂણ્ય આત્માને આ જગતને અલવિદા કરવાને એક વર્ષ પૂરૂં થયું. આપના હૃદયની સરળતા, લાગણીશીલ સ્વભાવ, અતિથી દેવો ભવની ભાવના પ્રેરણારૂપ છે. પ્રભુ આપને શાંતિ આપે એજ પ્રાર્થના સાથે....**

પત્ની – **ગં.સ્વ. શ્રીમતી ઝવેરબાઈ સોમચંદ ખોના**

પુત્રવધુ-પુત્ર – **સૌ. પ્રીતી પ્રદિપ ખોના તથા અલકા ભુપેન્દ્ર ખોના**


પુત્ર-જમાઈ – **સૌ. ભાવના તૈલેશ ભાટે**

પૌત્રવધુ-પૌત્રો – **સૌ. ભાવના પ્રતિક ખોના, તથા પ્રીત, પ્રણવ**

દોહીત્રવધુ-દોહીત્ર-દોહીત્રીઓ – **સૌ. પ્રેરણા વરૂણ ભાટે, જલ્પા, એકતા**

પળ પોત્રી – **ભાવિકા,** પળ દોહીત્રી – **મનસ્વી**

**શ્રી શીવજી માણેક ખોના (બારોઈ) તથા**
**શ્રી દેવણાંધ ખીંયશી પટેલ (બાંઢીયા) પરિવાર**



Name : **Rushabh Dagha**
Fathers Name : **Haresh Dagha**
Mothers Name : **Asha Dagha**
Date of Birth : **3-8-1987**
Native : **Varadia**
Profession : Service Manager at Angel Broking
At Present : Dombivali
Contact No. 91 9825165580 / 99205 72255
Height : 5'8"

યાદશક્તિ પર અસર થાય, વ્યવસ્થિત વિચારવામાં તકલીફ થાય, સ્નાયુ અને સાંધામાં દુખાવો થાય, કડક પણું લાગે, સોજા થાય, અવાજ ઘોઘરો થાય, સાંભળવામાં તકલીફ થાય. કબજીયાત થાય, સ્ત્રીઓને માસિક દરમ્યાન વધુ રક્તસ્ત્રાવ થાય, ચામડી ઠંડી, ફિક્કી, સુકી થાય અને ખંજવાળ આવે. તળિયા (પગના) અને હથેળી પીળા પડે, નખ જલ્દી તૂટે, વાળ ખાસ કરીને ભ્રમરના વાળ, જલ્દી ખરે, સાથે સાથે હૃદયના ધબકારા ધીમા પડે, કસરત કરતી વખતે હાંફ ચડે, અશક્તિ, હાઈ બી.પી., હાઈ કોલેસ્ટ્રોલ હોય, ગળામાં સોજો આવે.

આ બિમારી સામાન્ય રીતે મોટી ઉમરમાં જ થાય પણ ક્યારેક બાળકો અને યુવાનોને પણ થાય. લક્ષણ ઉપર જણાવ્યા તેવા જ હોય પણ થાયરોઈડ હોર્મોન્સ શરીરને વિકાસ કરે તેથી બાળકો અને ટીનેજરને થાય તો તેમનો વિકાસ ધીમો થઈ જાય કે અટકી જાય છે, પુખ્તતા પણ કદાચ મોડી આવે છે. યુવાન છોકરીઓને માસિક દરમ્યાન રક્તસ્ત્રાવ કદાચ વધે. યાદશક્તિ ઓછી તેમજ થાકને લીધે અભ્યાસમાં પાછળ રહી શકે.

**ઈલાજ :** આ બિમારી મટી નથી શકતી પણ દવાઓથી કંટ્રોલમાં રહે છે. મુખ્ય દવા લીવા થાયરોક્સીન (Euthyrox, Levothyroid, Leuoxyl, Synthroid, Unithroid) આ થાયરોઈડ હોર્મોન્સ થાયરોક્સીન (T4) ની દવાઓ છે જે થાયરોઈડ હોર્મોન જેવું જ કામ કરે.

ઉમર, તબિયત, થાયરોઈડ હોર્મોન્સ લેવલ અને વજન જોઈ સ્પેશ્યાલીસ્ટ દવાનો ડૉઝ દર્દીને કહે એ પ્રમાણે જ લેવો જોઇએ. વધુ ઊંમર કે હાર્ટની તકલીફ હોય તો ડૉક્ટર ઓછા ડૉઝથી શરૂ કરે. છ અઠવાડિયા પછી લોહીમાં હોર્મોનની લેવલ તપાસી ડોઝમાં ફેરફાર કરે, પછી દર ૬ મહિને લોહી તપાસ કરી સ્પેશ્યાલીસ્ટને બતાવવું.

ડૉ. જે બ્રાન્ડની દવા લેવાનું કહે તેને વળગી રહો. બીજી બ્રાન્ડની દવામાં કદાચ સહેજ અલગ ડૉઝ હોય. દવા રોજના ચોક્કસ સમયે લ્યો. જમવાના કે નાસ્તાની એક કલાક પહેલા દવા લ્યો, ખોરાક સાથે ન લ્યો. ખોરાક દવાને અસર કરી શકે. કાં સુતી વખતે લ્યો. પણ સુતી વખતે ભુલાવાનો ડર છે તેથી સવારના દવા લેવી ઉત્તમ જેથી ક્યારેક તે સમયે ભુલાઈ તો દિવસ દરમ્યાન ક્યારે પણ લઈ શકાય. પણ જો રાત્રે જ દવા લેવાતી હોય અને ભૂલાય તો તે દિવસ દવા વગરનો ટાળવો નહીં.

ડૉક્ટરના કહ્યા સિવાય ગોળી બંધ ન કરો. લક્ષણો દૂર થતાં થોડા દિવસ થી થોડા મહિના લાગી શકે. હોર્મોન્સ લેવલ લોહીમાં વધ્યું હોય અને છતાં થાક વધુ હોય, વજન વધુ હોય તો દવામાં ફેરફાર જરૂર છે માટે સ્પેશ્યાલીસ્ટને બતાવો.

આ બિમારી દરમ્યાન ક્યા ખોરાક લેવા, ન લેવા તેમજ મેડીટેશન, આસન વગેરે આગળના અંકમાં જોઈશું.

**– ક્રમશઃ**

## લોકગીતના અનન્ય ગાયક




સાપ્તાહિક ગુજરાત સમાચારમાં રવિવાર, તા. ૮ જાન્યુઆરીના 'સોના વાટક્કી રે' કટાર હેઠળ સાહબા સડકું બંધાવ્યમાં પ્રકાશિત લોકગીત માણતાં સ્વ. શ્રી રતિલાલ નરશી પટેલ (લોડાયા) મૂળે કચ્છ કોઠારા અને મુંબઈના મલાડના રહેવાસીની યાદ તાજી થઈ.

બસમાં સહેલગાહે, ચૈત્ય પરિપાટીમાં યા લાંબી યાત્રાએ જતાં અંતાક્ષરીનો રાઊન્ડ અચૂક રહેવાનો. અંતાક્ષરીમાંથી પરવાર્યા બાદ મિત્ર વર્ગ તેમજ સહ સહેલાણીઓ તરફથી 'સાયબા'ના લોકગીત માટે સ્વ.શ્રી. રતિલાલભાઈ પાસે માગણી થતી. વધુ આજીજીનો શોષ રાખ્યા વિના લોકલાગણીને શિરોમાન્ય રાખતા.

સ્વ. શ્રી રતિલાલભાઈ ભલે પ્રોફેશન ગાયક ન બન્યા. પરંતુ, તબલા ઢોલકના તાલનો સારો એવો મેળ. તંબાકૂ બીડીના વ્યસનથી વેગળા હોવાથી ગળું મન ઇચ્છિત સાથ આપતું. આરોહ અવરોહ ઉપર સારી હથરાટી. શબ્દોમાં કંઠમાં પ્રાણ પૂરી 'સાયબા' લોકગીતને સાંભળનારાના હૃદયકમળમાં અચૂક બીરાજમાન કરી દેતા એવા અનન્ય મિત્ર સંબંધી ગાયક સ્વ.શ્રી રતિલાલ નરશી પટેલ (લોડાયા) !

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

## વતનના વહેણ : કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ દ્વારા કચ્છમાં સેવા પ્રવૃત્તિઓ

### સીમા પર રખોપું કરતા જવાનોની સુવિધા માટે ૧૭ કૂલરનું દાન



કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિએ સીમાનું રખોપું કરતા ભારતી સૈન્યના જવાનો ધૂળની ડમરી અને અસહ્ય તાપ, ગરમીમાં પોતાની ફરજ બજાવે છે. બી.એસ.એફ.ના જવાનોની આંખોના રક્ષણ માટે આગળ આવી ૧૦૦૦ જવાનોને ચશ્માનું દાતાના સહયોગથી વિતરણ કર્યું હતું, તો બેરેકમાં રહેતા જવાનોને પીવાનાં ઠંડા પાણીની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી ૧૭ જેટલા ઠંડા પાણીના કુલર દાતાના સહયોગથી એનાયત કરાયા હતા.

આ પ્રસંગે ખાવડા બોર્ડર પર યોજાયેલા એક કાર્યક્રમમાં કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિના પ્રમુખ અરવિંદભાઈ જોષીએ સંસ્થાની પ્રવૃત્તિની વિગતો આપી ઉદારદિલ દાતાનો આભાર માન્યો હતો. આ પ્રસંગે બી.એસ.એફ.ના આસિસ્ટન્ટ, ડી.આઈ.જી. અનિલ નોવની, કંપની કમાન્ડર જી.બી. ગુંસાઈ, બોર્ડર કમાન્ડન્ટ આર. એચ. મીના વગેરેએ જવાનોને મદદરૂપ થવા બદલ સંસ્થા અને દાતાઓની પ્રવૃત્તિને બિરદાવી આભાર માન્યો હતો.

### નલીયામાં મેડિકલ કેમ્પ



કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ દ્વારા નલીયામાં ગામમાં યોજાયેલ મેગા મેડિકલ કેમ્પનો ૧૧૫૦ દરદીઓએ લાભ લીધો. નિદાન સારવાર ઉપરાંત કાનના મશીન અને બત્રીસી પણ અપાયા હતા.

### ધ્રંગ અને માતાના મઢમાં સર્વરોગ નિદાન-સારવાર કેમ્પ



કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ દ્વારા મેકણ દાદાના ગામ ધ્રંગ અને માતાના મઢ ખાતે યોજાયેલા સર્વરોગ મેગા નિદાન કેમ્પમાં ૨૭૦૦ દર્દીઓને તપાસી દવા અપાઈ હતી. દાતા અશ્વિનભાઈ ચંદનના મુખ્ય સહકારથી યોજાયેલા આરોગ્ય કેમ્પને ધ્રંગ ખાતે મૂળજી રાજા કાપડી, દયારામજી કાપડી, કથાકાર મોરારિબાપુના પ્રવક્તા હરીશચંદ્ર જોષી, કલ્યાણદાસજી, દિલીપરાજા વગેરેએ ખુલ્લો મૂકી આરંભ કરાવ્યો હતો. સંપર્ક : **અરવિંદ જોષી** – 098200 68078

### કચ્છની તમામ ટ્રેનો ૨૦૧૯થી ઝડપી બનશે...

'કચ્છ પ્રવાસી સંઘ'ના પ્રતિનિધીઓએ રેલ્વે તંત્રને Electrification થતા Double Line માટે રૂબરૂ મુલાકાત લઈ પ્રસ્તાવના આપેલ. જે અંગે તંત્રએ ૧૫ જુલાઈ ૨૦૧૬ના પત્ર દ્વારા જણાવેલ કે વીરમગામથી સામબીયારી સુધી ૧૮૨ કી.મી. ના Double Line માટે રૂા. ૧૦૩૫ કરોડ મંજુર થતા હાલમાં કાર્ય ઝડપથી પૂર્ણ થઈ રહ્યું છે.

રેલ્વે તંત્રએ જણાવ્યું કે માર્ચ ૨૦૧૯ સુધીમાં આ કાર્ય સંપન્ન થશે. Double Line નું કાર્ય પૂર્ણ થતા નીચે મુજબનાં લાભ મળશે. : • ટ્રેનોની સરેરાશ ગતિમાં વધારો, મુસાફરીના સમયમાં ઘટાડો. • સેક્શનમાં ગાડીઓની ભીડ ઓછી થશે. સમય પાલનમાં સુધારો. • વધારાની ગાડીઓ ચાલુ થશે. • ભુજ-નલીયા બ્રોડગેજનું કાર્ય પણ ચાલુ છે. • સામખીયારીથી આદીપુર સુધીનું Double Line નું કાર્ય શ્રી શ્યામ શાહનાં પ્રયત્નોથી પૂર્ણ થઈ ગયું છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર
ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન
સંપર્કઃ શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા
099798 55686

# મન ચંગા તો કથરોટ મેં ગંગા....

- ધૈર્યબાળા વોરા

પંચોત્તેર વર્ષની એ વૃદ્ધ સ્ત્રીને હું શું જવાબ આપું ? 'મને પણ તારી સાથે લઈ જા ? ગંગાજીને કિનારે મને ગમશે. હું તો એ બાજુ કોઈ દી ગઈ જ નથી.' પથારીએ પડ્યાં પડ્યાં મહાપરાણે શ્વાસ લેતાં એમણે મને કહ્યું. ભલે ને કહેનાર મારી મા હતી. ભલે ને એણે જનમ ધરીને જે મળ્યું તે જ લીધું હતું. પણ કોઈ દિવસ સામેથી માંગ્યું ન હતું. ઊલટાનું અમને દીકરીઓને બોલાવી બોલાવીને એમની પાસે જે બચ્યું હતું તે આપ્યું હતું. પણ ડોક્ટરે તો કહી જ દીધું હતું કે હવે જેટલા દિવસ કાઢે તેટલા દિવસ. શ્વાસની તકલીફમાં જ્યારે શ્વાસ લઈ શકે ત્યારે સારાં પણ જ્યારે દમનો હુમલો આવે ત્યારે આજ મરું, કાલ મરું થઈ જાય. એમ કરતાં ત્રણ વર્ષ થઈ ગયાં હતાં. હવે તો હૃદય પણ નબળું પડતું જતું હતું. ત્યારે.... શું જવાબ આપું ?

મેં એમને સમજાવવા પ્રયત્ન કર્યો, 'જુઓને મા, તમારી તબિયત જરા સારી થાય ને એટલે આપણે બધાં સાથે જઈશું. હરિદ્વાર, ઋષિકેશ, જમનોત્રી, ગંગોત્રી બધે જ જઈ આવીશું. અહીંથી દિલ્હી અને દિલ્હીથી એક ટેક્સી કરીને તમને બધે જ લઈ જઈશ.'

'તો પછી હમણાં તું જાય છે ત્યારે જ જઈએ. હવે મારી તબિયતનો શો ભરોસો ? આ તો જતાં જતાં એક છેલ્લી પહેલી જાત્રા થઈ જાય.' માએ મોં મલકાવીને કહ્યું.

'તમારી વાત તો સાચી છે મા. પણ હમણાં હું એકલી જ જાઉં છું. દિલ્હીમાં એક કૉન્ફરન્સ છે એને માટે જવાનું છે અને વળી મયંક પણ સાથે આવે છે. ત્યાં તમને હોટેલમાં રહેવાનું ને બધું ફાવે નહીં. અને મયંકને ગુજરાતી સમાજમાં રહેવું ફાવે નહીં. એમની તબિયત પણ સારી નથી રહેતી. એને કંઈ થાય તો તમને બન્નેને હું કેવી રીતે સાચવું ? એના કરતાં મને પાછી આવી જવા દો પછી આપણે બધાં સાથે જઈશું.'

'અરે થવાનું શું હતું ? કંઈ થઈ જાય તો ત્યાં ગંગાકાંઠે મને પધરાવીને પાછાં આવજો.' એમણે મોં મલકાવીને કહ્યું. 'હું જઈશ તો મયંકનું ધ્યાન રાખીશ. તું તારે કૉન્ફરન્સમાં હાજરી આપજે.' મયંક મારા નાના દીકરાનું નામ હતું અને માને એની બહુ માયા હતી. એ જરા સાજોમાંદો રહેતો હતો એટલે દિલ્હીમાં બે દિવસ કૉન્ફરન્સમાં રહીને પછી પંદરેક દિવસ હરિદ્વાર રહેવાનું નક્કી કર્યું હતું. હરિદ્વારમાં વિલેપાર્લેના સંન્યાસઆશ્રમવાળા સ્વામીનો આશ્રમ હતો ત્યાં અમે પણ એક બ્લૉક બંધાવ્યો હતો. પણ આવી તબિયતે બે માંદા માણસો - એક બાળક અને એક વૃદ્ધ બેની જવાબદારી હું કેવી રીતે લઉં ? 'રજાઓ પડવા દો મા. પછી વિચાર કરીશું.' મેં કહ્યું, મા પડખું ફેરવીને સૂઈ ગયાં.

ઘરે જઈને વાત કરી તો મારાં સાસુ ગુસ્સે થઈ ગયાં. 'એમને જવું છે તો લઈ જાવ ને ? તમને ક્યાં ભારે પડે છે ? દિલ્હી જવાનું માંડી વાળો અને સીધાં હરિદ્વાર જાવ. જોઈએ તો અહીંથી એક બાઈ લઈ જાવ. મયંકનું પણ ધ્યાન રહેશે અને સુશીલાબહેનની તબિયત પણ સચવાશે.' એમણે મુશ્કેલીમાંથી તોડ કાઢ્યો.

'પણ કૉન્ફરન્સમાં તો મારે જવું પડે એમ જ છે. અને હવે મહિના-દિવસ પછી રજાઓ પડશે ને ત્યારે પુષ્પા (મારી નાની બહેન) પણ સાથે આવશે. જરૂર પડે તો અમે હરિદ્વાર વધુ રોકાઈ જઈશું.' મેં જવાબ આપ્યો.

'સારું ભઈ, તમે જાણો ને તમારું કામ જાણે.' કહી એમણે જરા મોઢું મરડ્યું. 'આ ઉંમરે જીવનો શો ભરોસો ? આટલાં વર્ષે એમણે તમને કહ્યું છે તો બીજી

*તેં રચેલી કેદ બહાર નીકળી તો જો જરી,*
*દોસ્ત ખળખળવું જીવન છે ખળભળી તો જો જરી.*

બાઈ હજાર કામ પડતાં મૂકીને લઈ જાય. તો તમે તો જવાનાં જ છો.'

આ બધાં કેમ સમજતાં નહોતાં. મારું કામ છોડીને હું એમને એટલે દૂર સુધી લઈ જાઉં, કારણ કે એમણે હરિદ્વારની યાત્રા નહોતી કરી. યાત્રાનું એવું તે શું મહત્વ છે? ડૉક્ટરને પૂછશું તો એ પણ મારી મશ્કરી કરશે 'કેમ તમને ખબર નથી એમની તબિયત કેટલી નાજુક છે? છેક હરિદ્વાર સુધી જવાય? હવે તો અહીં જ દ્વારકા' એમ કહીને હસી પડશે. મારા પતિએ પણ આવી જ વાત કરી. 'શાંતિથી જીવવા દે ને એમને? હવે આવી પરિસ્થિતિમાં કેવી જાત્રા ને કેવી વાત? 'મન ચંગા તો કથરોટ મેં ગંગા.' આ બન્ને બુદ્ધિજીવીઓ હતા અને એમની દલીલ મારી બુદ્ધિજીવી જીવનપદ્ધતિને બરાબર સ્પર્શી ગઈ. મારી માએ ઈચ્છા દર્શાવી છે એ લાગણીનો ધોધ આ બુદ્ધિના ચમકારાઓ સામે સુકાઈ ગયો.

અને બીજે દિવસે સાંજના પાછી હું એમને મળવા ગઈ ત્યારે કોણ જાણે એમણે જ કહ્યું, 'તારી વાત સાચી છે હોં બહેન, તમને બધાંને તકલીફમાં મૂકીને મારે હવે ક્યાંય નથી જવું. હું અહીં જ સારી છું. મારે તો ઘર એટલે તીરથ અને ગોળાનું પાણી ગંગાજળ. તમને બધાંને હવે રહી રહીને હેરાન નથી કરવાં.'

ચાલો સારું થયું. એમણે જ ના પાડી દીધી એટલે હવે મને પણ માની ઈચ્છા પૂરી ન કર્યા માટે હૃદય નહીં ડંખે. અને હું દિલ્હી ઊપડી ગઈ. મયંક મારી સાથે પંદર દિવસ રહ્યો. કૉન્ફરન્સમાં પણ હાજરી અપાઈ ગઈ અને હરિદ્વારનો પ્રસાદ મારી માને પહોંચાડીને ખૂબ શાંત અને સ્વસ્થ ચિત્તે ભર્યું ભર્યું મન લઈને હું પાછી ઘરે આવી. 'ઈટ વૉઝ એ વાઈઝ ડિસિસન' મારા પતિએ કહ્યું. 'તારું બધું કામ પતી ગયું અને માની તબિયત પણ સચવાઈ ગઈ' એમણે કહ્યું. મેં હસીને હા પાડી. બુદ્ધિનો હૃદય પર વિજય થયો હતો.

'પણ એ બુદ્ધિનો ખરેખર હૃદય ઉપર વિજય થયો હતો? ત્યાર પછી મા તો છ - એક મહિના જીવ્યાં અને મૃત્યુટાણે ચમચી ભરીને ગંગાજળ એમના હોઠ ઉપર મૂકતાં હૃદયનો એક એક તાર ઝણઝણીને મને પૂછતો હતો, એમની મૃત્યુશય્યાનો એક એક ખૂણો મને પોકારીને કહેતો હતો. આંખમાંથી ટપકતું એક એક આંસુ મનમાં અવસાન અને અફસોસની આગને ભડકાવતું હતું. અને જાણે કોઈ દૂરદૂરથી કહેતું હતું : 'તું જાય છે તો મને પણ લઈ જા ને?' અને દિશાઓ અટ્ટહાસ્ય કરીને કહેતી હતી: 'મન ચંગા તો કથરોટ મેં ગંગા.'

આ મા, જેણે મને મોટી કરી; આ મા, જેણે મારી બધી જ નાદાનિયતને મમતાથી વેઠી લીધી; આ મા, જેણે મને ઘણું બધું આપ્યું, આ મા જેનું મોં 'મારી ધૈર્યબાળા' કહેતાં સુકાતું ન હતું - તેની એક જ ઈચ્છા હતી, એક જ અપેક્ષા હતી, ગંગાકિનારે મૃત્યુ, ગંગાકિનારે વિસર્જન, ગંગાના સાંનિધ્યમાં શાંતિ. મારી તમામ શક્તિ, સાધન, સગવડનો ઉપયોગ કરીને સહેજે સંતોષી શકાય એવી નાની સરખી અપેક્ષા હું પરિપૂર્ણ ન કરી શકી. માએ તો ગંગાતીરે દેહવિસર્જન ન કર્યો પણ તે છતાં એ સંતુષ્ટ થઈને ગઈ. 'ના, રે ના તમને બધાંને હેરાન ક્યાં કરું? ગોળાનું પાણી એ જ ગંગાજળ' એમ સ્વીકારીને ગઈ અને હું? મારા પતિ? અમે બધા બુદ્ધિજીવીઓ આ વાત સમજતાં હતાં છતાં મારી મૃત્યુમુખે ઊભેલી માની જરા સરખી પણ હેરાનગતિ વેઠવા તૈયાર ન હતાં. માત્ર મોઢેથી જ કહેતાં હતાં : 'મન ચંગા તો કથરોટ મેં ગંગા.'

પણ કોનું મન ચંગુ હતું? એનું કે જેણે પોતાની ઈચ્છાને મનમાં સમાવી માનસિક સમાધાન સાધ્યું કે કોઈને હેરાન નહીં કરું કે અમારા સહુનું કે જેમણે કોઈ એક વ્યક્તિની, પોતાની જ માની ઈચ્છાનો સહજભાવે સ્વીકાર કરીને એમની અંતિમ ઈચ્છા પરિપૂર્ણ ન કરી? એમણે તો મરતાં મરતાં પણ અમને આપ્યું એમના અનુભવનું ભાથું જેને લીધે એ શીખ્યાં હતાં. પણ અમે....?

કોણે કોની ઈચ્છા પૂરી કરી?

* * *

*હર વખત અંધારું ના દેખાડ દીવાની નીચે,*
*છે પરમ સૌભાગ્ય ઝળહળવું બળી તો જો જરી.*

# થોડું વાંચવું, સારી રીતે વાંચવું

- સૌરભ શાહ

કરિયાણાવાળાને પોતાનો ધંધો શ્રેષ્ઠ લાગે કે ડૉક્ટરને પોતાનો વ્યવસાય સર્વોત્તમ જણાય એ રીતે લેખકને પોતાની પ્રવૃત્તિ જગતની સૌથી ઉમદા પ્રતીત થાય એવું નથી. લખવું એ ખરેખર દુનિયાની ઉત્તમોત્તમ પ્રવૃત્તિઓમાંની એક છે જ. કારણ કે વાંચવું એ એનાથીય ઉત્તમ પ્રવૃત્તિ છે. અને કોઈકે વાંચવું હોય ત્યારે કોઈકે તો લખવું જ પડે જ. વાંચનને શિખર ગણો અને લખાણને આ શિખરનો આધાર ગણો તો પાયામાં વિચારવાની પ્રવૃત્તિ આવે. વગર વિચાર્યે લખી ન શકાય અને વાંચ્યા પછી વિચાર કરતા ન કરે એવાં લખાણોથી માનસિક દુરસ્તીમાં કે મનના સ્વાસ્થ્યમાં કશો જ વધારો ન થાય.



ઝડપથી વાંચવાની કળા શીખવતાં પુસ્તકો, વર્ષોથી પ્રચલિત છે. ઑડિયો અને વીડિયો કેસેટો પર પણ એના અભ્યાસક્રમો મળે છે. ઝડપથી વાંચીને તમે શું મેળવો છો ? તો કહે, સમય બચાવીએ છીએ. એ બચેલા સમયનું તમે શું કરો છો ? નક્કર જવાબ નહીં મળે. સમયની બચત એક અતિશયોક્તિભરી અને ઘણાબધા અર્થમાં તદ્દન જુઠ્ઠી કન્સેપ્ટ છે. કોઈ પણ વ્યક્તિ પાસે ચોવીસ કલાકમાંની દરેકે દરેક ક્ષણ જેટલો સમય હોતો નથી. જે ક્ષણ તમને સ્પર્શી ગઈ, જે ક્ષણે તમે જિંદગીમાં કોઈક પ્રકારે ધન્યતા અનુભવી તે જ ક્ષણ તમારી. બાકીની બધી જ ક્ષણો ભેગા થયા પછીનો સમય કશા કામનો નથી. પાણીના એક એક ટીપાની જેમ સમયની દરેક ક્ષણનો સંચય કરી શકાતો હોત તો પણ મહત્ત્વ એ વાતનું છે કે બચત કરવામાં આવેલા પાણીની જેમ બચત કરવામાં આવેલા સમયનો ઉપયોગ તમે શેના માટે, કેવી રીતે કરો છો.

કોઈ પણ પ્રકારના વાંચનની પ્રવૃત્તિ ઉતાવળે ન થઈ શકે. એ વાંચન અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકનું હોય, વકીલની બ્રીફનું હોય કે પછી કોઈ પણ વિષયનું પુસ્તક હોય, અખબાર કે સામયિક હોય. ઉતાવળે ચાવીને જમી લેનારાઓને થતા અપચા જેવો માનસિક અપચો ઉતાવળે વાંચી લેનારાઓને થઈ શકે. પરદેશના કોઈ વિખ્યાત શહેરમાં જઈને આખા દિવસની કન્ડક્ટેડ ટુરમાં ફરી, ડઝન 'જોવાલાયક' સ્થળોની મુલાકાત લીધા પછી રાત્રે પથારીમાં સૂતી વખતે થાક લાગે. જ્યારે મનગમતા હિલ સ્ટેશન પર કે કોઈ પ્રિય દરિયાકાંઠે કલાકો સુધી ટહેલ્યા પછી, આંખ સામે સતત એકનાં એક જ દૃશ્યો દેખાયાં હોવા છતાં, રાત્રે સૂતી વખતે આહ્‌લાદક શાંતિ લાગે. ફટાફટ નામનો ટપોરી શબ્દ વાંચન પ્રવૃત્તિનો જાની દુશ્મન છે. નિરાંત ધરાવતા મન વગર થયેલું વાંચન માત્ર ઉપરછલ્લો સંતોષ આપે. જેમ ડિગ્રી મળી જવાથી વિદ્યાર્થીએ એ વિષયમાં ઊંડા ઉતરીને જ્ઞાનને આત્મસાત્ કર્યું હશે એવી કોઈ ગૅરન્ટી નથી મળતી એમ અમુક પુસ્તક કે અમુક લખાણ વાંચી લીધું છે એવું કહેનારાઓએ પોતાની આંખે અડાડેલા શબ્દોના સત્યને મન સુધી પહોંચાડ્યા જ હશે એવી પણ ખાતરી હોતી નથી.

કેટલાંક લખાણો વર્ણનાત્મક હોય છે. મનમાં આખું દૃશ્ય અને એની આસપાસમાં ગૂંજતા સ્વરો સંભળાય અને ક્યારેક એ વાતાવરણની પ્રકાશરચના - રંગરચના પણ તમામ શેડ્સ સાથે દેખાય. ક્યારેક એ વાતાવરણની સુગંધ પણ અનુભવાય. શ્રી

*શક્ય છે બદલાય આખ્ખે આખ્ખું આ જીવતર પછી,*
*મોકળું રાખીને મન ખુદને મળી તો જો જરી.*

ડાયમેન્શનલ જ નહીં, મલ્ટી ડાયમેન્શનલ અનુભવ આવાં લખાણો વાંચતાં થાય. બહુધા નવલકથા - વાર્તાનું વાંચન આવી અનુભૂતિ કરાવે.

કેટલાંક લખાણો પાણી ઉમેરાયા વગરના શરબતના અર્ક જેવાં હોય. આવા કૉન્સન્ટ્રેટેડ સિરપમાં પાણી ઉમેરવાની જવાબદારી લેખક પોતાના વાચકને સોંપી દે. ઉદાહરણો, દૃષ્ટાંતો, પ્રસંગો, ઉપમાઓ કે વિશેષણો ધીબેડીને પાણીવાળું શરબત તૈયાર કરી આપવાનું કામ કરવાને બદલે નક્કર અને તાત્ત્વિક વાતો જ થાય. આવાં લખાણો સડસડાટ, એકશ્વાસે વાંચી જવાં એટલે શું ? સ્ટેશનના પ્લેટફૉર્મ પર ઊભા હો અને રાજધાની એક્સપ્રેસ ત્યાંથી પસાર થઈ જાય એવી હાલત તમારી થાય. ટ્રેન ક્યારે દેખાઈ અને ક્યારે પસાર થઈ ગઈ એ જ વિચારતા રહો તમે, પાટા વચ્ચેની ધૂળ ઊડે અને આંખ ચોળતા રહી જાઓ.

હોઠ ફફડાવીને વાંચવું એ અભણ કે પ્રૌઢ શિક્ષણ પામેલા વાચકોની નિશાની છે એવું કેટલાક લોકો માને છે. મહાભારત લખાવતી વખતે વ્યાસ મુનિએ ગણપતિને શ્રુતલેખન કરાવ્યું. ગણપતિના કાનમાં શ્લોકના શબ્દો પ્રવેશતા જાય, તેઓ એના અર્થ સમજતા જાય અને સમજ્યા પછી જ લખવાની શરત મુજબ લખતા જાય.

વાંચતી વખતે અટકીને આગલું વાક્ય કે આગલો પેરેગ્રાફ ફરીથી વાંચવાનું મન થઈ શકે. મન થાય તો એવું કરવાનું. મન થવાનાં ઘણાં કારણો હોઈ શકે. ન સમજાયું હોય તો ફરીથી વાંચવાની ઈચ્છા થાય. સમજાયું હોય અને વન લાર્જ રિપીટ કરતા હોઈએ એમ ફરીથી માણવાનું મન થાય. મન થાય ત્યારે મનમાં બોલાતું હોય એ રીતે વાંચવાનું. પોતે જ પોતાના શબ્દો સાંભળતા હોઈએ એમ વાંચન એ લખાણમાંના ભાવ, એમાંના વિચાર મમળાવવાની પ્રવૃત્તિ છે, એ રીતે વાંચતા વાચકો વાંચેલુ સમજી શકે છે, પચાવી શકે છે.

ફરજિયાત વાંચન કરવું પડતું હોય કે શોખથી, દરેક પ્રકારની વાંચનપ્રક્રિયા જિંદગીની અણમોલ ક્ષણોમાં પરિવર્તિત થઈ શકે. શું વાંચીએ છીએ એ વાત જેટલી મહત્ત્વની છે એટલી જ અગત્યની બાબત છે - કેવી રીતે વાંચીએ છીએ. જમતાં જમતાં, ટીવી જોતાં જોતાં કે સંગીત સાંભળતાં સાંભળતાં વાંચવાથી દરેક ક્રિયાનો આનંદ કદાચ મળતો હશે, પણ એ અધૂરો આનંદ છે. વાંચન એ એક સંપૂર્ણ અનુભવ છે. શરીરની પાંચેપાંચ ઈન્દ્રિયોને સાથે લઈને ચાલતો અનુભવ છે. માણસ સારા લેખક બની શકે કે નહીં, સારો વાચક જરૂર બની શકે. દરેક સારો લેખક એક સારો વાચક જરૂર હોવાનો.

* * *

પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ ?
હું પડકાર ઝીલનારો માણસ છું.
હું તેજ ઊછીનું લઉં નહી;
હું જાતે બળતું ફાનસ છું.

ઝળાહળાંનો મોહતાજ નથી:
મને મારું અજવાળું પૂરતું છે,
અંધારાનાં વમળને કાપે:
કમળ તેજ તો સ્ફૂરતું છે.

ધુમ્મસમાં મને રસ નથી:
હું ખુલ્લો અને નિખાલસ છું.
પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ ?
હું પડકાર ઝીલનારો માણસ છું.

કુંડળીને વળગવું ગમે નહીં
ને ગ્રહો કને શિર નમે નહીં,
કાયરોની શતરંજ પર જીવ
સોગઠાબાજી રમે નહીં.


હું પોતે જ મારો વંશજ છું:
હું પોતે મારો વારસ છું.
પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ ?
હું પડકાર ઝીલનારો માણસ છું.

- નરેન્દ્ર મોદી

*નામ તારું લઈ જગત આખ્ખું તને પોકારતું,*
*છોડ ઉદાસી આ ટહુકા સાંભળી તો જો જરી.*
*- રાજેશ વ્યાસ*

## કચ્છી કસબ ૧૦૧

રચયિતા : જયકાંત મોતા, ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



### ઊભી ચાવીઓ -

૧) મલમ (Paste) (૨)
૨) તાકાત (Strength) (૨)
૪) ઘેટાનું ટોળું (Flock of Sheeps) (૨)
૫) મસ્તીખોર (Naughty) (૩)
૬) રહેવું છે (Want to Stay) (૪)
૮) મુકવુ (to put) (૨)
૧૧) અટક (Surname) (૨)
૧૩) મોડું (Late) (૨)
૧૫) ગુસ્સે થયો (Became Angry) (૨)
૧૬) નામ (Name) (૨)
૧૭) ઇયળ (White-Ant) (૩)
૧૮) શાંત થયા (Become calm) (૨)
૧૯) ઢાંકવું (to cover it) (૨)
૨૦) ગપ્પા મારવા (Making Gossip) (૩)

### આડી ચાવીઓ -

૧) શરદી (Cold) (૨)
૩) કહેવત (Proverb) (૩)
૫) હાડમારી (Exersion) (૪)
૭) પરસેવો (Perspirtion)(૩)
૯) જનાવરો (Cattles) (૨)
૧૦) ઉપાડ (to lift) (૨)
૧૨) ન્યાય (Justice) (૨)
૧૪) જિજ્ઞાસા (Curiosity) (૩)
૧૬) નથી (Not having) (૨)
૧૭) ગધેડો (Donkey) (૩)
૧૮) ખાલી (Empty) (૨)
૨૧) નજીક (Near) (૨)
૨૩) રમવું (to play) (૨)
૨૫) કિનાર (Border) (૨)
૨૬) કમાણી (Income) (૨)
૨૭) માટલું (Earthen pot)(૨)
૨૮) સાંભળ (to listen) (૨)
૨૯) વરસાદ (Rain) (૧)
૩૦) સદંતર (Completely)(૩)
૩૩) કહેવું (to say) (૧)
૩૫) એકનું એક બોલ્યા કરવું (to murmer) (૨)
૩૬) પાતળા (Slim) (૨)
૩૭) લાલ (Red) (૨)
૩૮) સંભળાવવું (Tonting) (૩)
૩૯) આમંત્રણ (Invitation)(૩)

### ઊભી ચાવીઓ -

૨૧) રેડવું (to pour) (૨)
૨૨) તાકાત (Strength) (૨)
૨૪) માખણ (Butter) (૩)
૨૫) શા માટે (Why) (૨)
૨૮) વિણવું (to select) (૩)
૩૦) જોવું (to look) (૨)
૩૧) ભોંય (Flooring)
૩૨) સબંધ માં આવવું (to be in relation) (૩)
૩૪) પોણું (Three Quarters) (૨)
૩૬) સચ્ચાઈ (Truth) (૨)

**ઉકેલ : આડી ચાવીઓ -**

(૧) લેસ (૩) ચોવક (૫) ખેળધરો (૭)પગર (૯) ચોપા
(૧૦) ખણ (૧૨) નીયાં (૧૪) ખાંખત (૧૬) નાય (૧૭) ગડોળો
(૧૮)ઠલો (૨૧) ઓર્યા (૨૩) રમ (૨૫) કોર (૨૬) ખટ (૨૭) મટ
(૨૮) સોણ (૨૯) મીં (૩૦) નેપટ (૩૩) ચો (૩૫) રટ (૩૬) સના
(૩૭)રતો (૩૮) સોણાંણી (૩૯) નોતરો

**ઊભી ચાવીઓ -**

(૧) લેપ (૨) સગ (૪) વગ (૫) ખેપાની (૬) રોણું આય
(૮) રખ (૧૧) નોખ (૧૩) મોડો (૧૫) તપ્યો (૧૬) નાલો
(૧૭) ગડર (૧૮) ઠર્યા (૧૯) ઢક (૨૦) ચોવટ (૨૧) ઓત
(૨૨) જોર (૨૪) મખણ (૨૫) કોલા (૨૮) સોજાર
(૩૦) નેર (૩૧) પટ (૩૨) પનારો (૩૪) પોણાં (૩૬) સત

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કાંરજા મહિલા મંચ

કાંરજા મહિલા મંચની મિટીંગ તા. ૧૧/૧૨/૨૦૧૬ના સૌ. નંદા ચંદ્રકાંત ખોનાના ઘરે રાખવામાં આવેલ. બે ગેમ રમાડવામાં આવેલ. પહેલી ગેમમાં વિજેતા સૌ. હિના જયેશ લોડાયા અને સૌ રૂપા નંદિષ લોડાયા થયેલ. બીજી ગેમમાં વિજેતા સૌ. દર્શના હરિશ ગોસર અને સૌ. કોમલ દિલીપ લોડાયા થયેલ.

તા. ૧-૧-૨૦૧૭ના મંચના બધા સભ્યોએ કાંરજા થી પાસે એક ગામ છે ત્યાં જઇને ડબ્બા પાર્ટી કરી. અલગ અલગ ગેમ રમાડવામાં આવી.

કાંરજા મહિલા મંચની તા. ૧૫-૧-૨૦૧૭ની બેઠક સૌ. રૂપા નંદીષ લોડાયા ના ઘરે રાખવામા આવી. મકર સંક્રાંત નિમિત્ત હલ્દી કુંકુ કરવામાં આવ્યું. ત્યારબાદ બે ગેમ રમાડવામા આવી જેમાં પહેલી ગેમમાં પહેલા વિજેતા સૌ. દર્શના હરીશ ગોસર અને બીજા વિજેતા સૌ. યોગીતા બિપીન ગોસર થયેલ. બીજી ગેમમાં પહેલા વિજેતા સૌ. હિના જયેશ લોડાયા અને બીજા વિજેતા સૌ. હર્ષા નિશાંત ગોસર થયેલ. વિજેતાઓને પ્રોત્સાહન કરવામાં આવ્યું.

### મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજિત શ્રી અચલગચ્છ અધિષ્ઠાયીકા મહાકાળી માતાજીની આગામી ભાવના તા. ૫-૨-૨૦૧૭ ને રવિવારના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી મીતેશ જવેરચંદ (લક્ષ્મીચંદ) હરશી લોડાયા પરિવાર - રાપરવાળા એ લીધેલ છે. રિધ્ધિ સિધ્ધિ મંડળ પધારશે.

આવતા માસની ભાવના તા. ૫-૩-૨૦૧૭ના છે. જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર - જખૌ વાળાની છે.

### સાંયરા

સાંયરા તા. ૧૧-૧-૨૦૧૭ પોષ સુદ ૧૪ના માતુશ્રી સોનબાઈ મુલજી ખેતશી મોમાયા તરફથી મહાકાલી માતાજીની ભાવના થયેલ જેમાં શ્રી રતીલાલભાઈ ધ્રોળ, પ્રેમચંદ મોમાયા, કલ્પેશ મોમાયા તથા માતુશ્રી કસ્તુરીબાઈએ સારી રમઝટ બજાવેલ.

તા. ૧૨-૧-૨૦૧૭ના માતુશ્રી સોનબાઈ મુલજી ખેતશી મોમાયા તરફથી પોષ સુદ ૧૫ પૂનમના સ્વામી વાત્સલ્ય જમણ તથા સ્કૂલમાં એમના તરફથી પ્રભાવના થયેલ.

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા ૯૫ પરિવારોને રાશનકીટ અર્પણ કરાઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈનાં સહયોગથી કચ્છમાં અબડાસા, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી વિસ્તારોમાં સમાજનાં જરૂરતમંદ ૯૫ પરિવારોને ૨૧ વસ્તુઓ સાથેની રાશનકીટ ઘરો ઘર જઈ હાથો હાથ અર્પણ કરવામાં આવેલ. જિનાલયોને ઉપકરણ સામગ્રી અર્પણ કરવામાં આવેલ.

માંડવી આશ્રમનાં વૃદ્ધ વડીલો, કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર ભુજની અનાથ બાળઓ, માનસિક આરોગ્યની હોસ્પિટલ-ભુજના દર્દીઓને પણ નવા વસ્ત્રો અર્પણ કરવામાં આવેલ.

ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન તથા ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલના માર્ગદર્શન હેઠળ અર્પણ વ્યવસ્થા કિરણ દંડ, પ્રબોધ મુનવર, ભદ્રીક મૈશેરી, હેમંત મોતા, મુકેશ દંડ, પ્રવિણ મોતા, પ્રજ્ઞેશ જૈન, મનોજ ગાલા, રાજેશ દંડ, ચંદ્રકાંત મુનવર, કુસુમકાંત લાલકા, સોમચંદ નાગડા, રાજેશ લોડાયા આદિએ સંભાળી હતી.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
અંગત અને સંસ્થાઓના નાના મોટા પ્રસંગો માટે
૧૦૦ થી ૪૫૦ જણની હોલ - ભોજનની વ્યવસ્થા
વ્યક્તિદીઠ માત્ર રૂા. ૨૫૦/-માં
સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390
જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758
સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.



રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


## દલતુંગી ગામનું સ્નેહમીલન

દલતુંગી ગામના શ્રી અજિતનાથ સ્વામી ભગવાનની ૧૧૪મી ધજા વૈશાખ સુદ પાચમને રવિવાર, તા. ૩૦/૪/૨૦૧૭ના ઉજવવામાં આવશે. શ્રી સંઘ દ્વારા સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

દલતુંગી ગામવાસીઓનું સ્નેહમિલન રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭ના સવારે ૯ થી બપોરે ૩ વાગ્યાસુધી જૈનમ બેંક્વેટ હૉલ, ભાંડુપ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

શ્રી અજિતનાથ દાદાની ધજાનો આદેશ સ્નેહમિલન દરમ્યાન બોલી દ્વારા આપવામાં આવશે.

## ધુલિયા થી બલસાણા છ.રી પાલિત સંઘ

પ.પૂ. મોક્ષરક્ષિતશ્રીજી તથા પ.પૂ. પ્રભુચક્ષિતશ્રીજી મહારાજ સાહેબની નિશ્રામાં તા. ૧૮-૧૨-૨૦૧૬થી તા. ૩૧-૧૨-૨૦૧૬ના ધુલિયાથી બલસાણા છ.રી પાલિત સંઘનું આયોજન થયેલ.

જેમાં ચિ. નિધીશ આશિષ સોની ઉ.વ. ૮ પણ જોડાયેલ તેની જાત્રા સુખરૂપ તથા નિર્વિઘ્નને પૂરી થયેલ. ચિ. વરૂણ તૈલેશ ભાટે તા. ૭-૧-૨૦૧૭ના એક દિવસમાં ૪૭ કી.મી. પગે ચાલીને ધુલિયાથી બલસાણાની જાત્રા કરેલ.

## યવતમાલમાં ધ્વજા મહોત્સવ

વિદર્ભના યવતમાલ નગરે શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ મધ્યે દેવવિમાન તુલ્ય ગૃહ જિનાલયમાં ધ્વજા મહોત્સવ ખૂબ હર્ષોઉલ્લાસથી ઉજવાયું. ધ્વજા ચડાવાનો લાભ સૌ. ભાગ્યવંતીબેન હિરાચંદ મોમાયા (સાંયરા) જલગામના પરિવારે લિધેલ. સાથે બીજા અષ્ટપ્રકારી પુજાના ચડાવા પણ સારા થયેલ.

અઢાર અભિષેક તથા સત્તરભેદી પુજા માટે વિધિકાર શ્રી ચીરાગભાઈ ખુશાલભાઈ સંગોઈ અંબરનાથથી આવેલ. યવતમાલના સૌ. અંજુબેન લહેરભાઈ નાગડાએ સંગીતમય ભક્તિ કરાવી.

માતા મહાકાલીના કાયમી દાતા શ્રી સોમચંદ ભાણજી લાલકા અમલનેર તરફથી માતાજીની ભાવના કરવામાં આવી. સ્વામી વાત્સલ્યનો લાભ પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવાર સૌ. હંસાબેન વિસનજી મેહતા, સૌ. વૈશાલીબેન અતુલભાઈ શાહ, શ્રી રવિભાઈ પોપટલાલ શેઠ પરિવારે લીધેલ.

## તિરપુરમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે રક્તદાન શિબિર

તિરપુરમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે મુયારચી મક્કલ અમ્માઇપુ સંસ્થા દ્વારા ચાર જગ્યાએ રક્તદાન શિબિર યોજી મોટા પ્રમાણમાં લોહી એકઠું કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિ આગેવાન સતીશ હંસરાજ નાગડાએ મુખ્યભૂમિકા ભજવી હતી.

## કોચીનમાં જરૂરતમંદોને બ્લેન્કેટ

મુકેશ માણેકજી લોડાયા, જૈન તરફથી ડિસેમ્બરની શરૂઆતમાં અત્યાધિક ઠંડી (સાઉથના વાતાવરણને લક્ષીને) પડવાથી રસ્તાના કિનારે સૂતેલા ભિક્ષુઓ અને જરૂરતમંદોને રેલ્વે સ્ટેશન, KSRTC બસસ્ટેન્ડ વગેરે સ્થાનોએ રાતના જઈને બ્લેન્કેટ ઓઢાડવામાં આવ્યા હતા.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


ઘાટકોપર સ્થિત અનંતછાયા ખાતેના પ્રસ્તાવિત અનંતનાથ જિનાલયના ચડાવામાં ઉમળકાભેર ભાગ લેનારા જ્ઞાતિજનોની ભૂરી ભરી અનુમોદના.

ચીમન મોતા ● તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મણિકાંત રતનશી લોડાયા** (PS 459) | ૭૦૨, સિદ્ધિવિનાયક ટાવર, ભગનેરી કો.હા.સો., એન. એસ. માનકીકર માર્ગ, સાયન, ચુનાભટ્ટી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨. |
| **જયંતીલાલ રાયશી ગોશર** (PS 559) | મો.: ૦૨૨-૪૦૦૩ ૫૯૭૩ |
| **ગૌતમ રતીલાલ શાહ (લોડાયા)** (PS 2105) | ૧૦૩, રોઝ ક્લાસિક નં. ૧, યશરાજ પાર્કની પાછળ, ઘોડબંદર રોડ, કાસાર વડવલી, થાણે - ૪૦૦ ૬૦૫. ગૌતમ : ૯૮૨૦૩ ૮૯૨૩૨, મીના : ૯૭૬૯૭ ૭૪૮૯૨, મોક્ષલ : ૯૭૬૯૭ ૭૩૩૯૨ |
| **કાંતિલાલ લખમશી વિકમશી** (PS 1666) | ૨૧, અનુપમા, શિવમ સોસાયટી, ૨જે માળે, દેવીદયાલ રોડ, વુડલેન્ડ હોટલની પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **કિરણ ધનજી પટેલ (ધરમશી)** (PS 5574) | એ-૩૦૧, અશ્વ વિલા, આર. પી. રોડ, નારાયણ નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો. કિરણ : ૭૭૦૦૯ ૬૩૩૩૩, ચેતના : ૮૪૨૫૯ ૭૦૯૮૦ મો. ભાવિન : ૯૯૮૬૯ ૯૯૨૮૬, જીનલ : ૮૪૨૪૯ ૩૫૩૭૨ |
| **ભરત માણેકજી શાહ (મોમાયા)** (PS 6217) | ફ્લેટ નં. ૪૦૫, ટી નં. ૧, હેવન હોમ્સ, મયંક બ્લુ વૉટર પાર્ક પાસે, બિચોલી મરડાના, ઈન્દોર - ૪૫૨ ૦૧૬. મો.: ૯૯૭૭૯ ૦૭૫૮૬ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૨-૧૬ | ડોમ્બીવલી | રચીત, વૈશાલી કરણ તારાચંદ નાગડા | પરજાઉ | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૧-૧૭ | ડોમ્બીવલી | વિરલ કીરીટ રતનશી નાગડા | સાંધાણ | ૨૬ |
| (ભુલ સુધાર) | ભોપાલ | ગુંજન બિપિન મણીલાલ મોમાયા | વરાડીયા | ૨૬ |
| ૨૫-૦૧-૧૭ | ડોમ્બીવલી | વિકાસ મહેશ ગોવિંદજી વીરજી ખોના | ડ્રાફા | ૨૪ |
| | ભાંડુપ | પ્રિયંકા માણેકજી કાનજી કુંવરજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૪ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૧-૧૭ | મહાલક્ષ્મી | રોનક અનિલ લક્ષ્મીચંદ નાગડા | તેરા | ૨૯ |
| | મુંબઈ | સ્વાતી નવીન રોહતગી | દિલ્હી | ૨૮ |

### અંતરજ્ઞાતિય સગપણ છૂટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૧-૧૭ | ઘાટકોપર | પ્રતીક હરેશભાઈ મંગળદાસ દોશી | વલભીપુર | ૨૬ |
| | ડોમ્બીવલી | રૂચી વિરચંદ હીરજી લોડાયા | મંજલ રેલડીયા | ૨૬ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૧૭ | વડાલા | હર્ષલ ભરત રાયચંડ લોડાયા | દલતુંગી | ૨૭ |
| | વડાલા | ગુરૂપ્રીત ઈન્દ્રજીતસિંહ જોગીન્દર | ફૂલ | ૨૭ |

### છૂટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૯-૧૬ | વિરાર | હિરેન ગૌતમ પાલાણી | કોઠારા | ૩૩ |
| | અમદાવાદ | પ્રિયંકા કુલીનકાંત મહેશ્વરી | જખૌ | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૧-૧૭ | ધુલિયા | સોમચંદ લીલાધર (ભાટે) મૈશેરી | બાંઢીયા | ૬૩ |
| ૨૨-૦૧-૧૭ | મુલુંડ | લલીત લહેરચંદ શાહ | નલીયા | - |
| ૨૨-૦૧-૧૭ | ભાયંદર | કિશોર નાંગસી મોમાયા | ડુમરા | ૬૯ |
| ૨૨-૦૧-૧૭ | સુરત | ચંદ્રકાન્ત (ચંદ્રેશ) મણીલાલ માલદે | દલતુંગી | ૪૮ |
| ૨૪-૦૧-૧૭ | ગોરેગામ | લક્ષ્મીચંદ ગાંગજી નાગડા | મોટી ખાવડી | ૮૭ |
| ૨૪-૦૧-૧૭ | કાંજુરમાર્ગ | મૃદુલા (મધુરી) ચંદ્રકાન્ત દૌલત | સુથરી | ૭૬ |
| ૨૬-૦૧-૧૭ | ડોમ્બીવલી | શ્રીમતી હંસા બંકીમ લક્ષ્મીચંદ દંડ | લણી | ૩૮ |

# : શ્રદ્ધા સુમન :

## પ્રથમ પુણ્યતિથી નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૮-૧૧-૧૯૫૩

અરિહંત શરણ :
તા. ૨૧-૧૧-૨૦૧૫

## સ્વ. શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા (મોમાયાભાઈ)

કિર્તીવંત કત્બેલજી, વને નતી સુવાસ....
કઈ ઈનજી કમાણીજો, થીએ નતો નાસ !

**શોકાતુર :**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | સીમા લબ્ધિકુમાર મોમાયા |
| પુત્રી | : | વિધાતા લબ્ધિકુમાર મોમાયા |
| પુત્ર | : | સ્વરાજ લબ્ધિકુમાર મોમાયા |
| પુત્રવધુ | : | હિના સ્વરાજ મોમાયા |
| પૌત્રી | : | સાક્ષી |
| દોહીત્રી | : | આશી |

**માતુશ્રી મીઠીબાઈ ભવાનજી કાનજી મોમાયા પરિવાર (જખૌ)**
**સ્વ. શ્રી કુંવરજી કાનજી મોમાયા સમસ્ત પરિવાર**
**માતુશ્રી જેતબાઈ ખીમજી સમસ્ત પરિવાર**
**માતુશ્રી દેવકાભાઈ મેઘજી દેવશી નાગડા સમસ્ત પરિવાર**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (30-01-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001



CA. **રોનક મોતા**
રાપરગઢવાળી -
આદિપુર

# Hearty Congratulations

## મોતા તથા છેડા પરિવારનું ગૌરવ

શ્રી આદિનાથ દાદા, અંબાઈ માતા અને ગુરુજનોના આશિષથી અમારા પરિવારનો લાડકા **રોનક** એ Chartered Accountancyની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉચ્ચ ગુણાંકથી ઉર્તીણ થઈ પરિવારનું ગૌરવ વધારેલ છે. **એ બદલ એને ખૂબ ખૂબ અભિનંદન.**

**: શુભેચ્છક :** અ.સૌ. અલ્પા પ્રતાપ આણંદજી મોતા (માતા-પિતા)
ચિ. જીતેન પ્રતાપ મોતા (ભાઈ)

દાદાણા : માતુશ્રી ધનબાઈ આણંદજી પાશ્વીર કેશવજી મોતા (રાપરગઢવાળી - આદિપુર)
નાનાણા : માતુશ્રી સ્વ. રમીલાબેન સૂર્યકાંત વિશનજી મુળજી છેડા (જસાપર - આદિપુર)

**M/s. Ronak Construction**
Consulting Engineer & Contractor - 098252 09609

# Congratulations



Sayera
Vadodara

D.O.B. :
9/1/1989

**Jubin Kishore Lodaya**

For successfully completing
M.B.A. in Marketing & Retailing.
Also Hearty Congratulations
for getting job at Dubai as a
'Property Consultant'.
Let your ambitions &
success touch the sky.

Best wishes from :
**Govindji Khiyraj Momaya**
Raipur (Sayera)

# ફુલ ગયું ને ફોરમ રહી



જન્મ :
તા. ૨.૪.૧૯૫૫

દેહ વિલય :
તા. ૨૦.૧.૨૦૧૫

**હિરાચંદ કેશવજી ડાઘા**
ગામ : દલતુંગી - હાલ : વડાલા

હે વિધાતા આવા લેખ લખતાં તારૂં કાળજું કેમ ચાલ્યું ?
અકાળે પાનખર બેઠી ને પાંદડું ખર્યું
હજુ તો વસંત બેઠી ન બેઠી ત્યાં તો ફુલ ખરી પડ્યું.

અલ્પ આયુષ્ય ને જ્વલંત સિધ્ધી,
કાળના એક ઝાટકાએ ઝુંટવી લીધી.

❖ અશ્રુભિની શ્રધ્ધાંજલિ ❖
**માતુશ્રી વિજયાબેન કેશવજી ડાઘા પરિવાર**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,